# અમદાવાદમાં આજથી ત્રણ દિવસ કર્ફ્યુ

**આજે રાત્રે ૯ થી સોમવારે સવારે ૬ વાગ્યા સુધી શહેરના તમામ પોલીસ સ્ટેશન વિસ્તારોમાં કર્ફ્યુ લદાયો : આ ઉપરાંત સોમવારે રાત્રથી અચોક્કસ મુદત માટેનો રાત્રી કર્ફ્યુ**

અમદાવાદ, તા. ૧૯

દિવાળી બાદ અમદાવાદમાં કોરોના કેસોનો રાફડો ફાટતાં ચિંતાજનક સ્થિતિ ઉભી થઈ છે. અને જેના કારણે અમદાવાદમાં ફરી એકવાર શનિવાર - રવિવારે દિવસનો પણ કર્ફ્યુ લદાયો છે અને સોમવારથી રાત્રે ૯ થી સવારે ૬ સુધી અચોક્કસ મુદત માટે કર્ફ્યુ ચાલુ રહેશે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા અમદાવાદમાં શુક્રવારે રાત્રે ૯ વાગ્યાથી સવારના ૬ વાગ્યા સુધી જનતા કરફ્યૂનું એલાન કર્યું છે. અને લોકોને કામ વગર બહાર ન નીકળવાની સલાહ આપી છે.

૧ ઓગસ્ટે અમદાવાદમાંથી કરફ્યૂ હટાવાયો હતો. જે બાદ હવે કેસો વધતાં ફરીથી નાઈટ કરફ્યૂ લાગુ કરવામાં આવ્યું છે. હવે અગાઉની જેમ જ જો રાત્રે તમે કરફ્યૂના સમયગાળા દરમિયાન બહાર ફરતાં જે દેખાશે તેમની સામે કાર્યવાહી કરવામાં આવશે. મેડિકલ સહિતની તમામ દુકાનો બંધ રહેશે.

આ મામલે અમદાવાદના અધિક મુખ્ય સચિવ રાજીવ ગુપ્તાએ પરિપત્ર બહાર પાડ્યો છે. અને આગામી સૂચના ન મળે ત્યાં સુધી આ કરફ્યૂ લાગુ કરવાનો આદેશ કરવામાં આવ્યો છે. એનો મતલબ કે હવે લાંબા સમય સુધી નાઈટ કરફ્યૂ લાગુ પડે તેવી સંભાવનાઓ છે. અમદાવાદમાં સાડા ત્રણ મહિના પછી ફરીથી કરફ્યૂ લાગુ કરવામાં આવ્યો છે. ઉલ્લેખનીય છે કે, સમગ્ર ગુજરાતમાં કેન્દ્ર સરકારની ગાઈડલાઈન અનુસાર, નાઈટ કરફ્યુ લોકડાઉન પૂરું થયા બાદ પણ અમલમાં હતો, પરંતુ તેને થોડા મહિનાઓ પહેલા જ ઉઠાવી લેવામાં આવ્યો હતો. થોડા દિવસ પહેલા અમદાવાદના કેટલાક વિસ્તારોમાં રાત્રે ૧૦ વાગ્યે દુકાનો બંધ કરાવવાનો નિર્ણય પણ લેવાયો હતો. જોકે, હાલ આવા કોઈ નિયંત્રણ અમલમાં નથી.

અમદાવાદના ખાણી-પીણી બજારો તેમજ નાઈટ માર્કેટ પણ હાલ બેરોકટોક ચાલી રહ્યા છે, અને તેમાં મોટાપાયે ભીડ પણ જોવા મળી રહી છે. લોકો માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સિંગને પણ ગંભીરતાથી ના લેતા હોવાનું ધ્યાનમાં આવતા આખરે સમગ્ર શહેરમાં જ કાલથી નાઈટ કરફ્યુ લાદી દેવામાં આવશે. હાલ સમગ્ર ગુજરાતમાં અમદાવાદમાં જ રોજેરોજ સૌથી વધારે કોરોનાના કેસ નોંધાઈ રહ્યા છે. ગઈકાલે પણ અમદાવાદ જિલ્લામાં ૨૦૭ કેસો નોંધાયા હતા. શહેરમાં કોરોનાના ટેસ્ટિંગ સેન્ટર્સ પર પણ લાઈનો જોવા મળી રહી છે, ત્યારે સ્થિતિ ઓર ગંભીર બને તે પહેલા જ તેને કાબૂમાં લેવા માટે તંત્ર દોડતું થઈ ગયું છે.

કોરોનાના દર્દીઓની સંખ્યા વધતા અસારવા સિવિલ હોસ્પિટલમાં ૪૦૦ વધુ બેડ ઉપલબ્ધ કરાવાયા છે. આ ઉપરાંત, સોલા સિવિલમાં પણ વધુ ૪૦૦ બેડ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. ગાંધીનગરની આસપાસના વિસ્તારોમાં પણ ૧૦૦ વધુ બેડ ઉપલબ્ધ કરાવવા કામગીરી ચાલુ છે. અમદાવાદની જુદી-જુદી ખાનગી હોસ્પિટલોમાં પણ ૩૦૦ વધુ બેડની વ્યવસ્થા કરવામાં આવી છે.



## નવા વર્ષે મુખ્યમંત્રી પંચદેવના દર્શને

મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ વિક્રમ સંવત ૨૦૭૭ના નૂતન વર્ષ દિવસનો પ્રારંભ ગાંધીનગરમાં પંચદેવ મંદિરમાં ભકિતભાવ પૂર્વક પૂજન અર્ચનથી કર્યો હતો. શ્રીમતી અંજલિબેન રૂપાણી સાથે તેમણે ભગવાન શ્રી રામ, લક્ષ્મીનારાયણ, અંબાજી સહિતના દેવોના પૂજન અર્ચન કર્યા હતા. મુખ્યમંત્રીએ સૌ નાગરિક ભાઈ બહેનોને દિપાવલી અને નૂતન વર્ષની શુભકામના પાઠવતા કહ્યું કે આ નવા વર્ષમાં સૌનું આરોગ્ય સુખ સમૃદ્ધિથી વધુ ઉન્નત બને. રાજયની વિકાસ યાત્રા પણ આગળને આગળ ધપતી રહે તેવી તેમણે પ્રાર્થના કરી હતી. ગાંધીનગરના મેયર રીટાબેન પટેલ સહિત અગ્રણીઓ સંગઠન પદધિકારીઓએ મુખ્યમંત્રીશ્રીને આવકાર્યા હતા અને અભિવાદન કર્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ મંદિર પરિસરમાં દર્શનાર્થીઓને પણ સાલમુબારક પાઠવી અભિવાદન ઝીલ્યું હતું.

# રાજ્યમાં કોરોના બેકાબૂ : નવા ૧૩૪૦ કેસ

**રાજ્યમાં કોરોનાથી કુલ ૭ લોકોનાં મૃત્યુ : અત્યાર સુધીમાં કુલ ૭૦૩૩૧૫૬ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૭૬૪૭૫ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા**

ગાંધીનગર,તા.૧૯

રાજ્યમાં કોરોનાની સ્થિતી દિવસેને દિવસે ગંભીર થતી જાય છે. ધીરે ધીરે હવે કોરોનાનો આંકડો ૧૪૦૦ ને પાર પહોંચ્યો હતો. જો કે હવે ધીરે ધીરે કોરોના કાબુમાં આવી રહ્યો હોય તે પ્રકારે આંકડા ઘટી રહ્યા હતા અને એક સમયે કેસ ૧૦૦૦ની નીચે જતા રહ્યા હતા. જો કે દિવાળી સમયે અચાનક કેસોની સંખ્યામાં ઉછાળો જોવા મળ્યો હતો. આજે રાજ્યમાં નવા ૧૩૪૦ કોરોના દર્દી નોંધાયા હતા. રાજ્યમાં ૧૧૧૩ નવા દર્દીઓ સાજા થઈને ઘરે પરત ફરી ચુક્યા છે. અત્યાર સુધીમાં કુલ ૧,૭૬,૪૭૫ દર્દીઓ સાજા થઈ ચુક્યા છે.

રાજ્યમાં દર્દીઓના સાજા થવાનો દર ૯૧.૪૫ ટકા થઈ ચુક્યો છે. રાજ્યમાં ટેસ્ટની સંખ્યામાં પણ દિન પ્રતિદિન વધારો કરવામાં આવી રહ્યો હોવાના દાવા સરકાર કરી રહી છે. આજે રાજ્યમાં કુલ ૫૪,૯૦૭ ટેસ્ટ કરવામાં આવ્યા હતા. જે રાજ્યની વસ્તી અનુસાર પ્રતિ દિવસ ૮૪૪.૭૨ પ્રતિ મીલીયન થાય છે. રાજ્યમાં અત્યાર સુધીમાં કુલ ૭૦,૩૩,૧૫૬ ટેસ્ટ કરવામાં આવ્યા છે.

રાજ્યમાં જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૪,૯૦,૫૪૬ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જે પૈકી ૪,૯૦,૪૬૬ વ્યક્તિઓને હોમ ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. જ્યારે ૮૦ વ્યક્તિઓને ફેસીલીટી ક્વોરન્ટાઈન રાખવામાં આવ્યા હોવાની માહિતી પ્રાપ્ત થઈ રહી છે.

જો એક્ટિવ દર્દીઓની વાત કરીએ તો રાજ્યમાં હાલ ૧૨,૬૭૭ એક્ટિવ કેસ છે. વેન્ટિલેટર પર ૮૭ છે. જ્યારે ૧૨,૫૯૦ લોકો સ્ટેબલ છે. ૧,૭૬,૪૭૫ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં કુલ ૩૮૩૦ લોકોનાં મોત નિપજ્યા છે. આજે ૦૭ લોકોનાં મોત નિપજ્યાં છે. જે પૈકી અમદાવાદ કોર્પોરેશનના ૩, સુરત કોર્પોરેશન ૨, ગાંધીનગર ૧ અને વડોદરા કોર્પોરેશનના ૧ સહિત કુલ ૭ દર્દીઓનાં કોરોનાને કારણે મોત નિપજ્યાં છે.

## નભોઈ કેનાલ પાસે અજાણ્યા વાહનની અડફેટે પદયાત્રીનુ મૃત્યુ

ગાંધીનગર, તા.૧૯

અમદાવાદ થી મહેસાણાના આસજોલ ગામે કુંતામાતાના મંદિરે સંઘ લઈ ચાલતા જતા પદયાત્રીકોને નભોઈ કેનાલ પાસે અજાણી કારે બે પદયાત્રાળુઓને ટક્કર મારી હતી. જેમાં વસ્ત્રાલના ૨૬ વર્ષિય યુવકનું ઘટના સ્થળે જ મૃત્યુ નિપજયુ હતું .જયારે મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ દ્વારા ખાનગી હોસ્પિટલમાં સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી આગળની ધોરણસરની તપાસ હાથ ધરી છે.

પોલીસ સુત્રો દ્વારા મળતી વિગત મુજબ અમદાવાદ વસ્ત્રાલ શ્રીનાથજી રેસીડેન્સી ખાતે રહેતા પ્રશાંત રમેશભાઈ કાલરીયા (ઉં.૩૦ રહે એ ૪૦૪) તે રખીયાલ ખાતે રાધે ઈન્ડરસ્ટ્રીઝ નામની દુકાન ચલાવે છે. તેમના મિત્ર સચિન મહેન્દ્રભાઈ પટેલને મહેસાણા આસજોલ ગામે કુંતામાતાના મંદિર સંઘ લઈ ચાલતા જવાની બાધા હતી. જેને પગલે તા.૧૫ નવેમ્બરના રોજ રાત્રીના ૯ વાગ્યાના અરસામાં સંઘ નીકળતા ફરીયાદીનો નાનોભાઈ રાજદીપ (ઉં.૨૬) પણ સાથે ગયો હતો. જયારે રાત્રીના પોણા ત્રણ વાગે મિત્ર સચિનનો ફોન આવ્યો હતો. જેમાં નભોઈ કેનાલ ચઢતા માર્ગ પર અજાણ્યા કાર ચાલકે રાજદીપ અને અન્ય એક મહિલાને ટક્કર મારી હતી. જેથી ફરીયાદી તાત્કાલીક ઘટના સ્થળ પર પહોંચતા નાનો ભાઈ મૃત હાલતમાં માર્ગની બાજુમાં પડ્યો હતો. બનાવમાં સુરેખાબેન નરેન્દ્રભાઈ પટેલ નામના મહિલાને ગંભીર ઈજાઓ પહોંચતા ૧૦૮ દ્વારા અમદાવાદ સિવિલ સારવાર માટે લઈ જવાયા હતા. બનાવ અંગે મૃતકના મોટાભાઈ પ્રશાંત કાલરીયાની ફરીયાદના પગલે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## કોરોના પર કાબૂ લેવા કેન્દ્રની ટીમ ગુજરાતની મુલાકાત લેશે

**ડો. એસકે સિંઘના નેતૃત્વમાં આવનારી કેન્દ્રીય ટીમ રાજ્ય સરકાર-આરોગ્ય વિભાગ સાથે મહામારી અંગે ચર્ચા કરશે**

નવી દિલ્હી, તા. ૧૯

ગુજરાતમાં દિવાળીના સમયે લોકો કોરોના હોવાનું ભૂલી જઈને મોટી સંખ્યામાં ખરીદી સહિતની વસ્તુઓ માટે ઉમટી પડ્યા હતા. દિવાળીના તહેવાર સમયે ભાન ભૂલવાથી હવે રાજ્યમાં કોરોના કેસોનો રાફડો ફાડ્યો છે. અને રાજ્યમાં ફરી એકવાર કોરોનાએ માથું ઉંચકતાં રાજ્ય સરકાર સાથે કેન્દ્રની મોદી સરકાર પણ ચિંતિંત બની છે. અને રાજ્યમાં કાબૂ બહાર ગયેલાં કોરોનાને ફરીથી કાબૂમાં લેવા માટે કેન્દ્રની ટીમ ગુજરાત આવશે.

ગુજરાતમાં દિવાળીના સમયથી જ કોરોનાનાં કેસો વધવાની શરૂઆત થઈ ગઈ છે. દિવાળી પહેલાં જ્યાં રાજ્યમાં કોરોનાનાં કેસો ઘટવાનું શરૂ થયું હતું. પણ દિવાળી આવતાવેંત જ રાજ્યમાં ફરીથી કોરોનાએ માથું ઉંચક્યું છે. અને હવે રાજ્યમાં રોજ નોંધાતા કોરોના કેસોનો આંક ૧૨૦૦ને પાર પહોંચી ગયો છે. તેવામાં કોરોનાને લઈ રાજ્યની ચિંતાજનક સ્થિતિ જોતાં મોદી સરકાર એક્શનમાં આવી છે. અને કેન્દ્રથી એક ટીમ ગુજરાત છે. કેન્દ્ર સરકારની એનસીડીસીના ડાયરેક્ટર સહિતની ટીમ ગુજરાત આવશે. અને આ માટેની જવાબદારી ડો. એસ.કે.સિંઘને સોંપવામાં આવી છે. આ ટીમ ગુજરાત આવીને ગુજરાત સરકાર અને હેલ્થ ડિપાર્ટમેન્ટ સાથે ચર્ચા વિચારણા કરી આગામી પગલાંઓ અંગે વાટાઘાટો કરશે.

## નવા આઠ ધારાસભ્યોએ શપથ લીધા

**વિધાનસભા અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ શપથ લેવડાવ્યા : લાભ પાચમના શુભ મુહૂર્ત અને વિજય મુહૂર્તમાં ભાજપના ચૂંટાયેલા ધારાસભ્યોએ ધારાસભ્યપદના શપથ ગ્રહણ કર્યા**

ગાંધીનગર,તા.૧૯

આજે રાજયભરમાં લાભપાંચમમાં મુહૂર્ત કરીને લોકો પોતાના ધંધા રોજગાર ચાલુ કરે છે. કોઈપણ સારૂં કામ આજના દિવસથી કરવામાં આવે છે. ત્યારે લાભ પાચમના શુભ મુહૂર્ત અને



વિજય મુહૂર્તમાં ભાજપના ચૂંટાયેલા આઠ ધારાસભ્યોએ ધારાસભ્યપદના શપથ ગ્રહણ કર્યા છે.વિધાનસભા અધ્યક્ષ સમક્ષ ૧૨:૩૯ મિનિટે શપથ ગ્રહણ સમારોહ યોજાવવામાં આવ્યો. ચૂંટાયેલા આઠ ધારાસભ્યોમાના સાત ધારાસભ્યોને અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીએ શપથ લેવડાવ્યા હતા જ્યારે કરજણના ધારાસભ્ય અક્ષય પટેલે સમૂહમાં શપથ લેવાના બદલે અધ્યક્ષ રાજેન્દ્ર ત્રિવેદીની ચેમ્બરમાં અલગથી શપથ લીધા હતા. આજના શપથ વિધિ સમારોહ મુખ્યમંત્રી વિજય રૂપાણી, નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ સહિત મંત્રીમંડળના સિનિયર સભ્યોએ હાજરી આપી હતી.

નવા ચૂંટાયેલા આઠ ધારાસભ્યો જેમાં જે.વી. કાકડિયા, વિજય પટેલ, જીતુ ચૌધરી, કિરીટસિંહ રાણા, બ્રિજેશ મેરજા, અક્ષય પટેલ, આત્મારામ પરમાર, પ્રદ્યુમનસિંહ જાડેજાનો વિજય થયો હતો. જેમને આજે શપથ ગ્રહણ કરીને પોતાનુ પદ સંભાળ્યું છે. ગુજરાત રાજ્યમાં યોજાયેલી આઠ બેઠકોની પેટાચૂંટણીમાં તમામ બેઠકો ઉપર ભાજપનો ભવ્ય વિજય થયો હતો. કોરોનાના સમયગાળા દરમિયાન સોશિયલ ડિસ્ટન્સ સાથે સમારંભ યોજી શકાય એટલા માટે શપથ ગ્રહણ કરનાર દરેક ધારાસભ્યને ૧૫ ટેકેદારોની મર્યાદામાં લાવવાની છૂટ આપવામાં આવી હતી. સોશિયલ ડિસ્ટન્સને કારણે પ્રથમવાર વિધાનસભાના ચોથા માળે શપથવિધિ સમારંભ યોજાયો હતો.

## સ્વદેશી વેક્સિન

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

ભારત બાયોટેક કોવેક્સીનું નિર્માણ ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચ (આઈસીએમઆર) ની મદદથી કરી રહી છે. આ વેક્સીન ભારત બાયોટેકના બીએસએલ-૩ હાઈ કન્ટેનમેન્ટ ફેસિલિટીમાં બની રહી છે. તેને મનુષ્યો પર પહેલા અને બીજા તબક્કાની ક્લિનિકલ ટ્રાયલની મંજૂરી ડ્રગ કન્ટ્રોલર જનરલ ઓફ ઈન્ડિયા (ડીજીસીઆઈ) તરફથી મળી ચૂકી છે. જ્યાં સુધી વાત કોવીશીલ્ડની છે તો તે સીરમ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (એસઆઈઆઈ) અને આસીએમઆરના સંયુક્ત પ્રયાસથી બનાવવામાં આવી રહી છે. સીરમ ઈન્સ્ટિટ્યૂટ ભારતની કંપની છે અને તે દુનિયામાં બીજા નંબરે સૌથી મોટી સંખ્યામાં વેક્સીનનું ઉત્પાદન કરે છે. કોવીશીલ્ડ ક્લીનિકલ ટ્રાયલના બીજા અને ત્રીજા તબક્કામાં છે. હવે વાત ઝાયકોવ-ડીની. દવા બનાવતી કંપની ઝાયડસ કેડિલા તે બનાવી રહી છે. પહેલા તબક્કાની ક્લીનિકલ ટ્રાયલમાં આ વેક્સીન સુરક્ષાના માપદંડોમાં પાસ થઈ છે. હવે, ઝાયકોવ-ડીની બીજા તબક્કાની ક્લિનિકલ ટ્રાયલ ચાલી રહી છે.

## ડોઝ ખરીદશે

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

યુનિવર્સિટીના એક શોધ પર આધારિત છે. સ્વાસ્થ્ય સંબંધિત નવા અનુસંધાનોથી બનેલી ટેકનીક અને દવાઓના નિમ્ન આવકવાળા દેશો સુધી પહોંચાડવામાં આવનારા વ્યાવધાનો પર કરવામાં આવેલા આ શોધમાં કોરોના વેક્સીનની ખરીદી કરનારા દેશોની એક યાદી તૈયાર કરવામાં આવી. તે મુજબ એડવાન્સમાં વેક્સીન ખરીદીની ડીલ પાક કરનારા દેશોની યાદીમાં યૂનાઈટેડ સ્ટેટ્સ અને યૂરોપિયન યૂનિયન બાદ ભારત ત્રીજા નંબર પર છે. ભારતે જ્યાં ૧.૫ અબજ વેક્સીનના ડોઝ વેક્સીન બનાવનારી કંપનીઓ સાથે ડીલ કરી લીધી છે. તો બીજી તરફ યૂરોપિયન યૂનિયને ૧.૨ અબજ વેક્સીન અને અમેરિકાએ ૧ અબજની ડીલ પાકી કરી લીધો છે. આ ઉપરાંત અમેરિકા અને યૂરોપિયન યૂનિયને અલગ-અલગ વેક્સીન ડોઝની સંભવિત ખરીદી ડીલ પણ કરી છે.

## શહેરમાં ઠંડીનો ચમકારો

હવામાન વિભાગે કરેલી આગાહી મુજબ જ ઠંડીમાં એકાએક વધારો થયો છે. એક જ દિવસમાં ઠંડીનો પારો અઢી ડિગ્રી જેટલો ઘટીને ૧૪ ડિગ્રીએ પહોંચતા વસાહતીઓ સારી એવી ઠંડી અનુભવી રહ્યા છે.

ગાંધીનગર શહેરમાં ઠંડી છેલ્લા એકાદ-બે દિવસમાં જ ખૂબ વધી ગઈ છે. હજુ બે દિવસ પહેલા જ લઘુત્તમ તાપમાન ૧૭ ડિગ્રીની આસપાસ નોંધાયું હતું જે ઘટીને ૧૪ ડિગ્રીએ પહોંચી ગયું છે. લઘુત્તમ તાપમાનમાં એકાએક જ અઢી ડિગ્રી જેટલો ઘટાડો નોંધાતા શહેરમાં સારી એવી ઠંડી પડી રહી છે. ઠંડી વધતા ગરમ વસ્ત્રો પહેરવાનું ચલણ વધ્યું છે. ગરમ વસ્ત્રોનું વેચાણ પણ એકાદ બે દિવસમાં જ વધી ગયું છે. વહેલી સવારે અને મોડી સાંજે ઘરની બહાર નીકળવું હોય તો ફરજીયાત ગરમ વસ્ત્રો પહેરવા પડે છે. આગામી દિવસોમાં હજુ ઠંડી વધશે તેવી આગાહી હવામાન વિભાગે કરી છે.

## નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકા ખાતે નવ નિર્મિત અદ્યતન તાલુકા સેવા સદનના બિલ્ડીંગનું ઈ-લોકાર્પણ

ગુજરાતના જે તાલુકાની નામના સમગ્ર વિશ્વમાં દિન પ્રતિદિન વધી રહી છે તેવા વિશ્વ વિખ્યાત થઈ રહેલા નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકાના સેવા સદનનું ઈ લોકાર્પણ



કરતા નાયબ મુખ્યમંત્રીએ જણાવ્યુ હતુ કે 'સૌનો સાથ સૌનો વિકાસ' મંત્ર થકી રાજયભરની વિવિધ જનહિતકારી યોજનાઓના લાભો છેવાડાના માનવી સુધી પહોંચડવા રાજ્ય સરકાર હર હંમેશ માટે તત્પર છે. રાજ્યના કોઈપણ છેવાડાના નાગરિકો સરકારની યોજનાના લાભથી વંચિત ન રહી જાય તે લક્ષ્ય સાથે અમારી સરકાર કાર્યરત છે અને એટલે જ છેલ્લા ૨૫ વર્ષથી ગુજરાતની જનતા અમારી પડખે ઉભી છે.

નીતિન પટેલે ઉમેર્યુ કે પ્રજાકીય સરકારી કામગીરી પ્રજાને ખુબ ઝડપથી અને સરળતાથી પ્રાપ્ત થાય તે માટે તાલુકા સેવા સદનનું નિર્માણ કરવામાં આવ્યુ છે. અંદાજે સાડા દસ કરોડના ખર્ચે નવ નિર્મિત આ સેવાસદન ગરૂડેશ્વર તાલુકાના નાગરિકોને અર્પણ કરતા પટેલે ઉમેર્યુ કે ગુજરાતની વિકાસયાત્રા પાછળ ગરૂડેશ્વર તાલુકાનો ખુબ મોટો ફાળો છે. રાજ્યમાં પાણીની ઉપલબ્ધી વધી તેના કારણે જ ગુજરાતની વિકાસયાત્રા વધી છે જેના મુળમાં નર્મદામૈયા છે



અને તેથી જ ગરૂડેશ્વર તાલુકાનો ફાળો ગુજરાતની વિકાસયાત્રામાં સવિશેષ છે. પટેલે વધુમાં ઉમેર્યુ કે પ્રજાની આકાંક્ષા અને અપેક્ષાને સંતોષવા તથા તેને પૂર્ણ કરવા અમારી સરકાર સફળ પ્રયત્નો કરી રહી છે. કોઈપણ વિદ્યાર્થીને આવકના-જાતિના કે અન્ય દાખલાઓ માટે અગવડ ન પડે અને કોઈપણ ખેડૂત કે નાગરિકને અસુવિધાનો સામનો ન કરવો પડે અને સેવાનો ઝડપથી લાભ મળે તે માટે આ તાલુકા સેવાસદન મહત્વનું સાબિત થશે.

તાલુકાકક્ષાએ નાગરિકોને સરકારી સેવાઓ માટે વધુ દૂર ન જવુ પડે તે ધ્યાને લઈ રાજ્ય સરકારે નવીન તાલુકાઓની રચના કર્યા બાદ નવા બનેલા તાલુકા મથકોએ સરકારી કચેરી માટે સુવિધાસભર મકાન ઉપલબ્ધ કરાવ્યા છે. આજે લાભપાંચમના દિવસે નર્મદા જિલ્લાના ગરૂડેશ્વર તાલુકા ખાતે નવ નિર્મિત અદ્યતન તાલુકા સેવા સદનના બિલ્ડીંગનું ઈ-લોકાર્પણ ગાંધીનગર ખાતેથી નાયબ મુખ્યમંત્રી નીતિનભાઈ પટેલના હસ્તે મહેસુલ મંત્રી કૌશિકભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું હતું.

## ગ્રામીણ વિસ્તાર... ● ત્રીજા પાનાનું ચાલુ

વર્ષીય ગૃહીણી, ૨૧ વર્ષીય વિદ્યાર્થી અને ૧૮ વર્ષીય કિશોરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

અડાલજમાંથી પણ આજે વધુ ૩ કેસ મળી આવ્યા છે. ૭૩ વર્ષીય ખેડૂત, ૪૯ વર્ષીય ગૃહીણી અને ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

દહેગામ તાલુકામાંથી આજે ૩ કેસ મળી આવ્યા છે. નાના જલુન્દ્રા ગામેથી ૧૮ વર્ષીય કિશોરી જે અભ્યાસ કરે છે તેણીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

આ ઉપરાંત સગદલપુર ગામેથી ૫૨ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. દહેગામ અર્બનમાંથી ૬૪ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

માણસા તાલુકામાંથી આજે બે કેસ મળી આવ્યા છે. આજોલ ગામેથી ૭૬ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. જ્યારે માણસા અર્બન વિસ્તારમાંથી ૬૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરાયા છે.

કલોલમાંથી આજે ૩ કેસ મળ્યા છે. જેમાં બે કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને એક કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવેલ છે.

કલોલના જાસપુર ગામેથી ૩૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સોજા ગામેથી ૪૩ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં સારવાર માટે હોસ્પિટલમાં ખસેડવામાં આવેલ છે.

કલોલ અર્બન-૨ વિસ્તારમાંથી ૪૮ વર્ષીય ખાનગી નોકરી કરતા પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા ૧૯ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. આ સાથે જિલ્લામાં અત્યાર સુધીમાં ૨૬૪૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે.

જિલ્લામાં હાલ ૧૩૨ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ક્વોન્ટાઈન હેઠળ ૧૩,૪૪૪ લોકોને રાખવામાં આવ્યા છે.

## શહેરમાં... ● ત્રીજા પાનાનું ચાલુ

સે. ૨૪ માંથી આજે ૨ કેસ મળી આવેલ છે. ૨૪ વર્ષીય વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૬૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૪ માંથી ૬૪ વર્ષીય પુરૂષનો રીપોર્ટ પોઝીટીવ આવતાં તેમને સારવાર માટે સિવિલમાં દાખલ કરાયા છે. સે. ૧૯ માંથી આજે ૩ કેસ મળી આવેલ છે. ૪૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૧૬ વર્ષીય વિદ્યાર્થીનીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૧૯ વર્ષીય કિશોરીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૨૩ માંથી ૫૭ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૨૮ માંથી ૬૫ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. થર્મલ પાવર સ્ટેશનમાં ફરજ બજાવતા અને જીઈબી કોલોનીમાં રહેતા ૫૫ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૧૧માં ખાનગી હોટલમાં મેનેજર તરીકે ફરજો બજાવતા ૨૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૬ માંથી ૭૫ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

સે. ૨૨ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. ૭૨ વર્ષીય વૃદ્ધાનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે એસ.એમ.વી.એસ. હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. આ ઉપરાંત ૭૩ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમણે હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

શહેરમાં જે ગતિએ કેસોની સંખ્યા વધી છે તેને ધ્યાને રાખી તંત્રએ સોશિયલ ડિસ્ટન્સીંગ જાળવવા તેમજ માસ્ક ફરજીયાત પહેરવાની અપીલ કરી છે.

## કાળરાત્રી

● **અનુસંધાન પહેલાનું ચાલુ**

સુપ્રિ. આ બાબતે ખુલાસો કરી રહ્યા છે પણ જે રીતે મોત નોંધાયા છે તેને લઈ લોકોના મનમાં તંત્ર કંઈક છુપાવી રહ્યાની શંકા ઘેરી બનતી જાય છે.

ગાંધીનગર શહેર-જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યા પણ વધી રહી છે. દરમ્યાન સિવિલ સત્તાવાળાઓ હવે ઈમરજન્સી વોર્ડ જે કોવિડ માટે ૮મા માળે છે તેને ૪થા અથવા પાંચમા માળે તબદીલ કરવાની વિચારણા પણ કરી રહ્યા હોવાનું જાણવા મળેલ છે.

શહેર-જિલ્લામાં કોરોના બેકાબુ બન્યો છે એ નિર્વિવાદ હકીકત બની ઉભરી આવેલ છે. શહેર-જિલ્લામાં કોમ્યુનીટી ટ્રાન્સમીશન થઈ ચુક્યુ હોવાનું પણ લોકો ખુલ્લેઆમ બોલી રહ્યા છે. શહેર જિલ્લામાં ચેપરેટ પણ વધવા પામ્યો છે.

આજે સાંજે પાંચ વાગ્યા સુધીમાં પાંચ દર્દીના મોત થયાની વિગતો પણ બહાર આવી રહી છે.